"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફનં. તા: ૧૪/૦૬/૨૦૧૮

તંત્રીશ્રી, ____________________ સુરત

નીચેની પ્રેસનોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભાર કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ

નિલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરત શહેરમાંથી ડોનેટ લાઈફ દ્વારા એક જ દિવસમાં કુંભી અને ગામીત સમાજના બે બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૪ કિડની અને ૨ લિવરનું દાન કરાવીને ૬ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું.**

**કેડેવર ઓર્ગન ડોનેશનના ક્ષેત્રમાં સુરતે રચ્યો ઈતિહાસ.**

**ડોનેટ લાઈફ દ્વારા ૩ જૂન થી ૧૪ જૂન દરમ્યાન ફક્ત ૧૧ દિવસમાં ૭ બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી ૧૩ કિડની, ૬ લિવર અને ૧૦ ચક્ષુઓનું દાન કરાવીને ૨૯ વ્યક્તિઓને નવજીવન આપવામાં આવ્યું.**

નામ: રાજેન્દ્ર બાબુરાવ પાટીલ ઉ. વ. ૪૨ બ્લડગ્રુપ: AB+ve

કડોદરામાં આવેલ જયભારત ડાઇંગ મિલમાં હેલ્પર તરીકે કામ કરતાં હતા.

રહેવાસી: પ્લોટ નં. ૪૪, રત્નપ્રભાકર સોસાયટી, પર્વત ગામ, લિંબાયત, સુરત.

મૂળરહેવાસી: મુ. ચિખલોડ, પો: રત્નપીંપરી, તા: પારોલા, જી: જલગાંવજલગાંવ, મહારાષ્ટ્ર

કૌટુંબિક વિગત: પત્ની: રત્નાબેન રાજેન્દ્ર પાટીલ ઉ.વ. ૩૫

પુત્રીઓ: (૧) પુનમ રાજેન્દ્ર પાટીલ ઉ.વ. ૧૮

(૨) સપના રાજેન્દ્ર પાટીલ ઉ.વ. ૧૩

લીંબાયતમાં આવેલ સરકારી સ્કૂલમાં ધો: ૭માં અભ્યાસ

પુત્રો:(૧)ગણેશ રાજેન્દ્ર પાટીલ ઉ.વ.૧૫

મામાના ઘરે રહીને મહારાષ્ટ્રમાં ધો: ૮માં અભ્યાસ કરે છે.

(૨) પ્રમોદ રાજેન્દ્ર પાટીલ ઉ.વ. ૧૨

લિંબાયતમા આવેલ સરકારી સ્કૂલમાં ધો:૬માં અભ્યાસ કરે છે.

૨...

Nilesh Mandlewala
President
+91 98250 09922

Sandeep Kumar, IRS
Vice President
+91 81307 81031

Rakesh Jain
Hon. Secretary
+91 98241 10349

Ramesh Malpani
Hon. Treasurer
+91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવનીવિગત:</u>

બુધવાર તા: ૩૦ મે ૨૦૧૮ ના રોજ રાજેન્દ્રભાઈ કામ પરથી પોતાના સાઢુભાઈ સાથે બાઇક પર ઘરે પરત ફરતાં હતા ત્યારે રાત્રે ૭:૪૫ કલાકે વરેલી સુહાગ મીલની સામે અજાણ્યા બાઇક ચાલકે ટક્કર મારતાં રાજેન્દ્રભાઈ બાઇક પરથી નીચે પડી જતાં રોડની સાઈડ ઉપરના ડિવાઇડર સાથે ટકરાતાં માથામાં ભાગમાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. તેમને તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં સ્મીમેર હોસ્પીટલમાં દાખલ કર્યા. નિદાન માટે CT સ્કેન કરાવતાં બ્રેન હેમરેજને કારણે મગજમાં લોહીનો ગઠ્ઠો જામી ગયો હોવાનું નિદાન થયું હતું. પરિવારજનોએ વધુ સારવાર માટે ગુરુવાર ૩૧ મે ૨૦૧૮ના રોજ DWTI Prabhau General Hospital & Bankers Heart Institute માં ડૉ. સુચય પરીખની સારવાર હેઠળ દાખલ કરી સારવાર શરૂ કરવામાં આવી.

૩૧ મે ૨૦૧૮ના રોજ ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે કેન્યોટોમી કરી મગજમાં જામેલો લોહીનો ગઠ્ઠો દૂર કર્યો હતો. બુધવાર તા: ૧૩ જૂનના રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. પાર્થિવ દેસાઇએ અને ન્યુરોસર્જન ડૉ. કિરીટ શાહે રાજેન્દ્રભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

ઇન્ટેન્ટસીવીસ્ટ ડૉ. સુચય પરીખે ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી રાજેન્દ્રભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી રાજેન્દ્રભાઈના ભાઈઓ દગડુ અને શ્રવણ પાટીલ, શાઢુભાઈ વાલ્મિક પાટીલ, સાળા જીતેન્દ્ર પાટીલ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યુ કે અમારું સ્વજન બ્રેનડેડ છે અને તેમનું મૃત્યું નિશ્ચિત જ છે ત્યારે તેમનાં અંગો બળીને રાખ થઈ જાય તેના કરતાં તેમનાં અંગો દાન થકી ઓર્ગન નિષ્ફળતાના દર્દીઓને નવજીવન મળતું હોય તો મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

3....

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7952 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



બીજો બનાવ

**************************************************************************

નામ: ભીલકીયા ગેરયાભાઈ ગામીત ઉ. વ.૪૮ બ્લડગ્રુપ: A+ve

રહેવાસી: મુ. પો:. પરસોલી, ડુગરી ફળીયું, તા: ઉચ્છલ, જી: તાપી

પરસોલી ગામમાં ખેત મજૂર તરીકે કામ કરતાં હતા.

કૌટુંબિકવિગત: પત્ની: દેવલીબેન ભીલકીયાભાઈ ગામીત ઉ.વ. ૪૫

પુત્રીઓ: (૧) શીલાબેન અનિલભાઈ ગામીત ઉ.વ. ૩૫

(૨) ઇલાબેન સુનિલભાઈ ગામીત ઉ.વ. ૩૦

(૩) નીલાબેન વિપુલભાઈ ગામીત ઉ.વ. ૨૮

<u>બનાવનીવિગત:</u>

સોમવાર તા: ૧૧ જુન ૨૦૧૮ ના રોજ ભીલકીયાભાઇ બારડોલીથી રાત્રે ૮:૩૦ કલાકે પોતાના ઘરે આવી રહ્યા હતા ત્યારે સોનગઢ પાસે આવેલ મીરકોટ ગામ, ચાર રસ્તા પર રસ્તો ક્રોસ કરતી વખતે એક અજાણ્યા વાહન ચાલકે ટક્કર મારતાં તેઓ નીચે પડી જતાં માથામાં ગંભીર ઇજાઓ થવાથી બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સમાં તેઓને સોનગઢ ખાતે આવેલ રેફરલ હોસ્પીટલમાં પ્રાથમિક સારવાર અપાવ્યા બાદ વધુ સારવાર માટે વ્યારાની રેફરલ હોસ્પીટલમાં દાખલ કર્યા, ત્યાં તેમની હાલત વધુ ગંભીર જણાતા પરિવારજનોએ ભીલકીયાભાઈને સુરતની નવી સિવિલ હોસ્પીટલમાં ડો. મનીષ ચૌધરીની સારવાર હેઠળ રાત્રે ૧૧:૩૦ કલાકે દાખલ કર્યા.

બુધવાર તા: ૧૩ જુનનાં રોજ ન્યુરોફીજીશ્યન ડૉ. પરેશ ઝાંઝમેરા અને ન્યુરોસર્જન ડો. વિહંગ સાલીયે ભીલકીયાભાઈને બ્રેનડેડ જાહેર કર્યા.

સુરતની નવી સિવિલ હોસ્પિટલના સર્જિકલ ICUના ડો. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલાનો ટેલીફોનીક સંપર્ક કરી ભીલકીયાભાઈના બ્રેનડેડ અંગેની જાણકારી આપી.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



ડોનેટ લાઇફની ટીમ હોસ્પિટલ પહોંચી ભીલકીયાભાઈની પત્ની દેવલીબેન, પુત્રીઓ શીલા, ઇલા અને નીલા, ભત્રીજા સુભાષ, જમાઈઓ વિપુલ અને અનિલ તથા પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સૌ પરિવારજનોએ જણાવ્યું કે જીવનમાં અમારી પાસે દાન આપવા જેવુ કંઇ જ નથી પરંતુ આજે અમારા સ્વજન બ્રેનડેડ છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે ત્યારે તેમના શરીરનાં અંગો બળીને રાખ થઈ જાય તેના કરતાં તેના દાન થકી કોઈકના લાડકવાયાને નવું જીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો.

બંને પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. પ્રાંજલ મોદીનો સંપર્ક કરી કિડની અને લિવરનું દાન લેવા આવવા માટે જણાવ્યું.

અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ.મિતુલ શાહ અને તેમની ટીમે આવી ૪ કિડની અને ૨ લિવરનું દાન સ્વીકાર્યું.

દાનમાં મેળવવામાં આવેલી ૪ કિડનીઓ પૈકી એક કિડની નવસારીના રહેવાસી ડૉ. નરેશ છબીલદાસ સુરતી ઉ.વ.૫૭, બીજી કિડની અમદાવાદના રહેવાસી ગૌતમ બાબુભાઈ પટેલ ઉ.વ. ૫૫, ત્રીજી કિડની ભોપાલ, મધ્યપ્રદેશના રહેવાસી અંકિત મિથલેશ કથેરીયા ઉ.વ. ૨૫, ચોથી કિડની લખનૌ, ઉત્તરપ્રદેશની રહેવાસી મમતા ગીરીશ ભસીન ઉ.વ.૫૨માં જ્યારે બે લિવર પૈકી એક લિવર હિંમતનગરના રહેવાસી મનીષકુમાર મનહરલાલ શાહ ઉ.વ.૪૬માં અને બીજું લિવર વડોદરાના રહેવાસી મિતેશ બેચરભાઈ ચૌહાણ ઉ.વ. ૩૯માં અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)માં ડૉ. પ્રાંજલ મોદી અને તેમની ટીમ દ્વારા ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવી રહ્યું છે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં રાજેન્દ્રભાઈ પાટીલ અને ભીલકીયાભાઈ ગામીતના પરિવારના સભ્યો, ન્યૂરોસર્જન ડૉ. કિરીટ શાહ અને ડૉ. વિહંગ સાલી, ન્યૂરોફિઝીશિયન ડૉ. પાર્થિવ દેસાઇ અને ડૉ. પરેશ ઝાંઝમેરા, ઈન્ટેન્ટસીવીસ્ટ ડૉ. સુચય પરીખ, સુરતની નવી સિવિલ હોસ્પિટલના સર્જિકલ ICUના ડૉ. નિલેશ કાછડિયા,

૫...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004, Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



DWTI Prabhau General Hospital & Bankers Heart Institute અને સુરત નવી સિવિલ હોસ્પિટલના સંચાલકો અને સ્ટાફ,ડોનેટ લાઈફના પ્રમુખ નિલેશ માંડલેવાલા, ટ્રસ્ટી હેમંત દેસાઇ, CEO નીરવ માંડલેવાલા, ધવલ પ્રજાપતિ અને યોગેશ પ્રજાપતિનો સહકાર સાંપડ્યો હતો..

સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નિલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા <u>૨૬૨ કિડની, ૧૦૭ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૭ હૃદય અને ૨૨૨ ચક્ષુઓના દાન મેળવીને ૬૧૧ વ્યક્તિઓને</u> નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

| Nilesh Mandlewala | Sandeep Kumar, IRS | Rakesh Jain | Ramesh Malpani |
|---|---|---|---|
| President | Vice President | Hon. Secretary | Hon. Treasurer |
| +91 98256 09922 | +91 81307 81031 | +91 98241 10349 | +91 98253 21626 |

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**